# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


## અખબારી યાદી

તા.૧૦.૦૨.૨૦૨૨

**કોરોના મહામારીમાં ગેરવહિવટ, ગુન્હાહિત બેદરકારી - લાપરવાહીને કારણે લાખો નાગરીકોએ જીવ ગુમાવ્યા છે. સદંતર નિષ્ફળ કામગીરીનો ઢાંકપીછોડો કરવા ખોટુ અને ગેરમાર્ગે દોરનારુ વડાપ્રદાનશ્રીનું નિવેદન**ને વખોડતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, **લોકશાહીના મંદિરમાં વડાપ્રધાનશ્રી જે ખોટુ અને ગેરમાર્ગે દોરનારુ નિવેદન બોલ્યા છે તે સંસદીય ગરીમાને છાજતું નથી.** આટલા ઉચ્ચ પદ ઉપર હોય અને હળાહળ જુઠ્ઠું બોલે તે કેટલે અંશે યોગ્ય ? કોરોના મહામારીમાં અણઘડ વહિવટ અને આયોજન વગરની કામગીરીને પરિણામે લાખો નાગરિકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. કોરોના જેવી દર્દનાક બીમારીને મજાકમાં લે છે સુપ્રીમ કોર્ટે પણ વારંવાર ગુજરાત સરકારને આંકડો અને સહાય અંગે સવાલ કર્યા. ટેસ્ટીંગના ખોટા આંકડા, સંક્રમણના ખોટા આંકડા, કોરોનામાં મૃતકોના ખોટા આંકડા જાહેર કરતી એક લાખથી વધુ આર્થિક વળતર માટેની અરજીઓ આવતા સુપ્રિમકોર્ટમાં એક લાખ થી વધુ નાગરિકોએ જીવ ગુમાવ્યો છે તે અંગે ભાજપ સરકારનું જુઠ્ઠાણું ખુલ્લુ પડ્યું. કોરોના કાળ દરમ્યાન **ઉતાવળીયુ અને આયોજન વગરનું લોકડાઉનને પગલે લાખો શ્રમિકો જે રોજ કમાઈ રોજ ખાનાર હતો તેમને ખુબ હાલાકીનો સામનો કરવો પડ્યો.** સ્થળાંતર કરતા શ્રમિકોએ ભૂખ, તરસ અને મુળભૂત સુવિધાના અભાવે જીવ ગુમાવવો પડ્યો હતો. શ્રમિકો પ્રત્યે ઉદાસીન વલણ બદલ ભાજપ સરકારની ખુબ ટીકા થતા અને આદરણીય સોનિયા ગાંધીજીએ દેશના શ્રમિકોને સુવિધા અને સેવા પુરી પાડવા માટેની હાકલ બાદ ભાજપ સરકારને શ્રમિક સ્પેશ્યલ ટ્રેન દોડાવવાની ફરજ પડી હતી. રાજ્યસભામાં રેલ્વે મંત્રીશ્રીએ આપેલી માહિતી મુજબ ૭૫ જેટલા શ્રમિકો ટ્રેનમાં જમવા, પાણી સહિતની મુળભૂત જરૂરીયાતોને અભાવે મૃત્યુ પામ્યા હતા. દેશના મહાજનો, સ્વયંસેવી, સામાજીક સંસ્થાઓ શ્રમિકોની મદદે આવ્યા તો ભાજપ સરકાર કેમ ન કરી શકે ?

**'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ દ્વારા એરપોર્ટ ખુલ્લા મુક્યા જેને લીધે કોરોના સંક્રમણ ફેલાયુ** તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, લોકડાઉન અચાનક, આયોજન વગરની જાહેરાત જેના પરિણામે લાખો શ્રમિકોમાં ચિંતા અને ભય વ્યાપી ગયો ત્યારે શ્રમિકોને તેના પરિવાર સાથે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા આપવામાં સદંતર નિષ્ફળ અને અસંવેદનશીલ ભાજપ સરકાર કોંગ્રેસ પર બેજવાબદારીનો આરોપ મુકી રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષ પ્રધાનમંત્રીશ્રીને પ્રશ્ન પુછી રહી છે કે, રેડકારપેટથી "નમસ્તે ટ્રમ્પ" કાર્યક્રમ માં એરપોર્ટ ખુલ્લા મુકીને

કોરોનાને ખુલ્લુ આમંત્રણ બાદ ફેલાયેલા કોરોના સંક્રમણથી ત્રણ લાખ નાગરિકોએ જીવ ગુમાવ્યા તેના માટે જવાબદાર કોણ ?

કોંગ્રેસ પક્ષ પર દોષારોપણ કરીને, સદંતર ગેરવહિવટ, પરપ્રાંતિયો પ્રત્યે લાપરવાહી ભર્યો વ્યવહાર અને શાસનની નિષ્ફળતાઓ ઉપર ભાજપ સરકાર ઢાંકપીછોડો કરી રહી છે. કોરોનામાં મૃતક પરિવારજનોને આર્થિક વળતર આપવામાં ઠાગાઠૈયા કરતી ભાજપ સરકારે શરૂઆતમાં માત્ર ૧૦ હજાર જેટલા મૃતકોની સંખ્યા જાહેર કરી પરંતુ એક લાખ કરતા વધુ અરજીઓ આવી જેમાં ૯૦ હજાર થી વધુ અરજીઓને સ્વિકાર કરવાની ફરજ પડી. જુઠ્ઠાણા અને ખોટા આંકડાઓની માયાજાળ રચી કોરોના કાળમાં "આરોગ્ય સેવા"નું ભાજપ સરકારે માત્ર ફુલ - ગુલાબી ચિત્ર રજુ કર્યું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ જાણવા માંગે છે કે, ગુજરાતના લાખો નાગરિકોના મૃત્યુ માટે કોણ જવાબદાર ? ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા પ્રદેશ કંટ્રોલરૂમ, જીલ્લા સમિતિ અને શહેર સમિતિઓ દ્વારા સ્થળાંતર કામદારો અને કોરોનાગ્રસ્ત વિસ્તારમાં મદદ કરી, જેવી કે બસ-ટ્રેન દ્વારા ૧ લાખ પરપ્રાંતિય વ્યકિતઓને રૂ. ૫ કરોડ જેટલી આર્થિક સહાય કરી. રૂ. ૯૦ લાખના ખર્ચે ૬ લાખ માસ્ક વહેંચ્યા, રૂ. ૧૨ કરોડના ખર્ચે ૩ લાખ રાશન કીટસ વહેંચી, રૂ. ૨૦ લાખના ખર્ચે ૨૦૦૦ નંગ પી.પી.ઈ. કીટસ પુરી પાડી સહિત ૨૬ લાખ લોકોને રાંધેલા ખાવાની રાહત આપી હતી. કોંગ્રેસ પક્ષના આદરણીય નેતાશ્રી રાહુલ ગાંધીએ છેલ્લા કેટલાય સમયથી કહી રહ્યાં છે કે મૃતક પરિવારજનોને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત ચાર લાખનું વળતર ચૂકવવામાં આવે પરંતુ માત્ર ૫૦ હજાર રૂપિયાનું આર્થિક વળતર ચુકવવામાં ગુજરાતના નાગરિકો ઉપર ઉપકાર કરતી હોય તેમ ભાજપ સરકાર વર્તી રહી છે. ભાજપ સરકાર અને **પ્રધાનમંત્રી કોરોના વોરિયર્સના ઢોલ ટિપતા હતા પરંતુ ડોક્ટર્સ, નર્સ, પેરામેડીકલ સ્ટાફ, પોલિસકર્મીઓ, ફાયરબ્રીગેડના જવાનો સહિતના કોરોનામાં મૃત્યુ પામ્યા તેમના પરિવારમાંથી એકને નોકરી કેમ આપતા નથી ? કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે, કોરોનામાં મૃત્યુ પામનાર સરકારી કર્મચારીઓના પરિવારજનને ભાજપ સરકાર સત્વરે સરકારી નોકરી આપે.**

( ડૉ. મનિષ એમ. દોશી )

મુખ્ય પ્રવક્તા